


ખંડ-૪
અંક-૬
જૂન ૨૦૧૮


# કૃષિ ઉત્પાદન અને
# બજાર દર્શન

કૃષિ ઉદય...


અધ્યક્ષ:
પ્રો. શિરીષ આર. કુલકર્ણી

માનનીય સલાહકાર :
ડૉ. મહેશ પાઠક

મુખ્ય સંપાદક :
ડૉ. એસ. એસ. કલમકર

સહસંપાદક :
ડૉ. એચ. પી. ત્રિવેદી
ડૉ. ડી. જે. ચૌહાણ

સંપાદક :
ડૉ. હેમંત શર્મા

વિષય સંપાદક :
ડૉ. એસ. આર. ભૈયા
ડૉ. વિજય એસ. જરીવાલા
ડૉ. એમ. એન. સ્વેન
શ્રી એમ. મકવાણા

પ્રસાર પ્રભારી :
શ્રી દીપ કે. પટેલ



પ્રકાશક :
એગ્રો ઈકોનોમિક રિસર્ચ સેન્ટર,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦
આણંદ, ગુજરાત

E-mail: director.aerc@gmail.com
website: www.aercspu.ac.in


## ખરીફ સીઝનમાં કપાસના વાવેતર વિસ્તારમાં આ વર્ષે ૧૦ થી ૧૨ ટકાનો ઘટાડો થવાની સંભાવના.....



ખેડૂતો તેમની ઉપજના વધુ સારા ભાવો લેવા સોયાબીન અને ડાંગર જેવા લાભદાયી પાકો તરફ વળ્યા હોવાથી આ વર્ષે કપાસના વાવેતર વિસ્તારમાં ૧૦ થી ૧૨ ટકાનો ઘટાડો થવાની સંભાવના છે. આ વર્ષે કપાસનો વિસ્તાર ઘટીને ૧૦.૭ મિલિયન હેકટર રહેવાનો અંદાજ છે, જ્યારે ગયા વર્ષે ૧૨.૨ મિલિયન હેકટર હતો. પંજાબ, મહારાષ્ટ્ર, તેલંગાણા અને આંધ્રપ્રદેશના નિરાશ ખેડૂતોએ રોકડિયા પાકની ખેતીમાં ઓછો રસ દાખવ્યો છે. ખેડૂતોની નિરાશાના મુખ્ય બે કારણો જવાબદાર ગણી શકાય. જેમાં પ્રથમ, ગયા વર્ષે કપાસમાં ગુલાબી ઇયળથી ભારે નુકશાન અને બીજુ છેલ્લાં વર્ષમાં કપાસના ભાવમાં ઘટાડો થયો હોવાથી ખેડૂતો વૈકલ્પિક અન્ય પાકની ખેતી તરફ વળ્યા છે. ખેડૂતોને પાણીની તંગી, ખરાબ હવામાન અને ગુલાબી ઇયળના સતત જોખમો હોવાથી આ ખરીફ ઋતુમાં અગાઉના વર્ષની સરખામણીમાં ૧૦ ટકા જ કપાસની વાવણી થશે. ખેડૂતો કપાસથી અન્ય પાકો તરફ જેમ કે ગુજરાતમાં મગફળી, હરિયાણામાં ડાંગર અને મહારાષ્ટ્રમાં સોયાબીન તરફ વળશે અને તેલંગાણાંમાં અન્ય પાકોની તુલનામાં કપાસની ખેતી લાભદાયી રહી નથી. તેવી જ રીતે કપાસની જગ્યાએ સોયાબીન, કઠોળ અને શેરડીનું વાવેતર કરવામાં આવે શકે છે કારણકે તેના પોષણક્ષમ ભાવ મળે છે એન તેમાં રોગોનું પ્રમાણ ઓછું છે.

મલ્ટિ કોમોડિટી એક્સચેન્જ ઓફ ઈન્ડિયા (ખઈડ) પર કપાસના ભાવ એક ગાંસડીના (૧૭૦ કીલોગ્રામ) ભાવ ૩.૨૩ ટકા વધીને રૂ. ૨૧,૭૦૦ થયા છે જે આ વર્ષે ખરીફ ઋતુ કરતાં પણ વધુ છે.

કેડિયા કોમોડિટીના મેનેજીંગ ડિરેક્ટર અજય કેડિયાએ જણાવ્યું હતું કે, આ વર્ષે કપાસના ભાવ સ્થિર રહેશે અને અમને ભાવમાં ૮-૧૦ ટકાના દરે વધારો થવાની અપેક્ષા છે કારણ કે આ વર્ષે ભારતમાં કપાસનું વાવેતર ઓછું થવાની અપેક્ષા છે.

આ દરમ્યાન, કપાસના ભાવ વધી શકે છે કારણ કે સારી ગુણવત્તાવાળા બિયારણ અને સુધારેલ ઉપજથી પણ ઉત્પાદનમાં વધારો થશે નહિ. કપાસના વાવેતરમાં ઘટાડો થવાથી ઉત્પાદનમાં ઘટાડો થઇ શકે છે. કાપડ મંત્રાલય હેઠળના કોટન એડવાઇઝરી બોર્ડના (ઈએઇ) પ્રથમ અગ્રીમ અંદાજ મુજબ ભારતમાં કપાસનું ઉત્પાદન ૩૭.૭ મિલિયન ગાંસડી હોવાનો અંદાજ છે. આ વર્ષે ચોમાસુ સારૂ રહેવાની ધારણા હોવાથી વિક્રમી ખરીફ ઉત્પાદન થવાની ધારણા કરી છે.

## ૨૦૨૨ સુધીમાં દૂધ ઉત્પાદનમાં વાર્ષિક ૬ ટકાથી વધીને ૯ ટકાના દરે વધારો થશે...



કેન્દ્રીય કૃષિ મંત્રીશ્રી રાધા મોહન સિંહે જણાવ્યું હતું કે, ડેરી ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે સરકાર દ્વારા લેવાયેલ વિવિધ પગલાંઓને લીધે ૨૦૨૨ સુધીમાં દૂધ ઉત્પાદનમાં વાર્ષિક વૃદ્ધિ દર ૯ ટકાના દરે થશે જે હાલમાં ૬.૩ ટકા જેટલી છે. વિશ્વના સૌથી મોટા દૂધ ઉત્પાદક તરીકે ૨૦૧૬-૧૭માં ભારતનું દૂધ ઉત્પાદન ૧૬૫ મિલિયન ટન હતું. વર્ષ ૨૦૧૪-૧૮ના સમયગાળા દરમ્યાન દૂધ ઉત્પાદનમાં વાર્ષિક વૃદ્ધિ ૬.૩ ટકા જેટલી હતી જ્યારે ૨૦૧૦-૧૪ના સમયગાળા દરમ્યાન દૂધ ઉત્પાદનમાં વાર્ષિક વૃદ્ધિ ૪ ટકા જેટલી હતી. તેમ ''વિશ્વ દૂધ દિવસ'' ઉજવણીના કાર્યક્રમમાં મંત્રીએ જણાવ્યુ હતું. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ૨૦૨૨ સુધીમાં દૂધના ઉત્પાદનમાં વાર્ષિક વૃદ્ધિ ૯ ટકા થશે. દેશમાં વર્ષ ૨૦૧૪-૧૮ દરમ્યાન દૂધનું ઉત્પાદન ૨૩.૬૯ ટકા વધ્યું છે. તેમણે જણાવ્યુ હતું કે, અમે દૂધ ઉત્પાદનમાં પ્રથમ સ્થાને  છીએ પરંતુ અમારી દૂધ ઉત્પાદકતા નીચી છે. તેમણે ઉમેર્યુ હતું કે સરકાર દૂધાળા પશુઓની ઉત્પાદકતા વધારીને દૂધ ઉત્પાદન વધારવા માટે પ્રયાસ કરી રહી છે. મંત્રીશ્રીએ જણાવ્યુ હતું કે રાષ્ટ્રીય ગોકુલ મિશન હેઠળ મંત્રાલયે છેલ્લાં ચાર વર્ષમાં ૨૦ ગોકુલ ગ્રામને મંજૂરી આપી છે અને તેમાંથી ૩ પૂર્ણ થઇ ગયા છે અને બાકીના ૧૭ ગોકુલ ગ્રામ હેટળ કામ પ્રગતિમાં છે. બે રાષ્ટ્રીય કામધેનુ પશુ સંવર્ધન કેન્દ્રો-એક દક્ષિણ ભારતના આંધ્રપ્રદેશમાં ચિંતલદેવી અને બીજુ ઉત્તર ભારતમાં મધ્ય પ્રદેશમાં ઈટાસી ખાતે-સ્થાપના કરવામાં આવી રહી છે.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, તાજેતરમાં સરકારે રૂ. ૧૦,૮૮૧ કરોડના કુલ ખર્ચ સાથે 'ડેરી પ્રક્રિયા અને આંતરમાળખાકીય સુવિધા વિકાસ ફંડ (DIDF) શરૂ કરી દીધી છે, જ્યાં સહકારી મંડળીઓને ૧૦ વર્ષના સમયગાળા માટે ૬.૫ ટકા વાર્ષિક વ્યાજે લોન આપવામાં આવશે અને કેન્દ્ર સરકાર વ્યાજ પરના સબસિડી આપશે. આ યોજનાનો લાભ ૫૦,૦૦૦ ગામડાંના ૯૫ લાખ દૂધ ઉત્પાદકોને પહોચાડવાનો લક્ષ્યાંક છે. આ યોજના હેઠળ ઘણાં કુશળ, અર્ધ કુશળ અને અકુશળ કામદારોને પ્રત્યક્ષ કે પરોક્ષ રોજગારીની તક મળશે. આ યોજના હેઠળ, વધારાની દૂધની પ્રક્રિયા ક્ષમતા ૧૨૬ લાખ લિટર પ્રતિ દિવસ અને ૨૧૦ ટન દૂધ પાવડર બનાવવાની ક્ષમતા પ્રતિ દિવસ વધારવાનો અને ૧૪૦ લાખ લિટર દૂધ પ્રતિદિન ઠંડુ કરવા માટે દૂધ શિતકોની સ્થાપના કરવામાં આવશે. આ યોજનામાં ૨૮,૦૦૦ વીજાણું દૂધ ભેળસેળ પરીક્ષણ સાધનો અને ૬૦ લાખ લિટર દૂધનું મૂલ્યવર્ધિત દૂધના ઉત્પાદનોમાં રૂપાંતર કરવાની સુવિધાઓ ઉભી કરવાની પણ જોગવાઇ છે. અત્યાર સુધી ચાલુ નાણાંકીય વર્ષમાં રૂ.૧,૧૪૮ કરોડની ૧૦ યોજનાઓને મંજૂરી આપવામાં આવી છે.

## વિવિધ બાગાયત પાકના બીજા અગ્રીમ અંદાજો (૨૦૧૭-૧૮)

કૃષિ, સહકાર અને ખેડૂત કલ્યાણ વિભાગે ૨૦૧૭-૧૮ (બીજા અગ્રીમ અંદાજો) બાગાયત પાકના વિસ્તાર અને ઉત્પાદનના અંદાજો પ્રકાશિત કર્યા છે અને આ અંદાજ દેશના વિવિધ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો પાસેથી મેળવેલી માહિતી પર આધારિત છે.



નીચેનું કોષ્ટક ભારતમાં ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮માં બાગાયત પાકના વિસ્તાર અને ઉત્પાદનના અંદાજો દર્શાવે છે. (બીજા અગ્રીમ અંદાજો) :

રાજ્યના બાગાયત/કૃષિ વિભાગ એન વિવિધ એજન્સીઓ જેવી કે સોપારી અને મસાલા નિયામકની કચેરી (DASD), કાજુ અને કોકો વિકાસ નિયામકની કચેરી (DCCD) અને રાષ્ટ્રીય

મધુમાખી બોર્ડ (NBB) પાસેથી એકત્રિત કરેલ માહિતીના આધારે તૈયાર કરવામાં આવેલા બીજા અગ્રીમ અંદાજ અનુસાર ૨૦૧૭-૧૮ દરમ્યાન દેશના કુલ બાગાયત ઉત્પાદનનો અંદાજ

| કુલ બાગાયત | ૨૦૧૬-૧૭ | ૨૦૧૭-૧૮ બીજા અગ્રીમ અંદાજો | ૨૦૧૭-૧૮માં % ફેરફાર (બીજા અગ્રીમ અંદાજો) ૨૦૧૬-૧૭ થી લાગુ |
|---|---|---|---|
| વિસ્તાર (૦૦૦ હેક્ટર) | ૨૪૮૫૧ | ૨૫૪૦૬ | ૨.૨૩ |
| ઉત્પાદન (૦૦૦ ટન) | ૩૦૦૬૪૩ | ૩૦૭૧૫૯ | ૨.૧૭ |

૩૦૭.૨ મિલિયન ટન છે, જે પાછલાં વર્ષ કરતાં ૨.૨ ટકા વધુ છે અને પાછલાં ૫ વર્ષના સરેરાશ ઉત્પાદન કરતાં ૮.૬ ટકા વધારે છે. ફળોના ઉત્પાદનનો અંદાજ ૯૪.૪ મિલિયન ટન છે, જે અગાઉના વર્ષ કરતાં લગભગ ૨ ટકા વધુ છે, શાકભાજીનું ઉત્પાદન અંદાજે ૧૮૨ મિલિયન ટન છે. જે અગાઉના વર્ષની સરખામણીમાં ૨.૨ ટકા વધારે છે. ૨૦૧૬-૧૭માં (અંતિમ) વર્તમાન વર્ષમાં ડુંગળીનું ઉત્પાદન ૨૧૮ લાખ ટનની આસપાસ રહેવાની સંભાવના છે, જ્યારે તે ૫ વર્ષની સરેરાશની તુલનામાં ૮ ટકા વધારે છે. બટાકાના ઉત્પાદનનો અંદાજ વર્ષ ૨૦૧૬-૧૭માં (અંતિમ) ૪૮૬ લાખ ટન સામે ૫૦૩ લાખ ટન જેટલો અંદાજવામાં આવ્યો છે, જે પાછલાં વર્ષ કરતાં ૩.૫ ટકા વધારે છે. ટામેટાનું ઉત્પાદન વર્ષ ૨૦૧૬-૧૭માં (અંતિમ અંદાજ) ૨૦૭ લાખ ટનની સરખામણીએ વર્તમાન વર્ષમાં ૨૨૦ લાખ ટન જેટલું ઉત્પાદન રહેવાની સંભાવના છે, જે પાછલા વર્ષ કરતાં ૬.૬ ટકા વધારે છે.



## કેબિનેટ દ્વારા 'કૃષિ ક્ષેત્રે હરિયાળી ક્રાંતિ–કૃષિ ઉન્નતિ યોજના' ચાલુ રખાશે.....

વડા પ્રધાનશ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં આર્થિક બાબતોની કેબિનેટ સમિતિએ ૨૦૧૭-૧૮ થી ૨૦૧૯-૨૦ના સમયગાળા માટે ૧૨મી પંચવર્ષીય યોજના અંતર્ગત કૃષિ ક્ષેત્રમાં 'હરિયાળી ક્રાંતિ-કૃષિ ઉન્નતિ યોજના'ની પેટા યોજના માટે કેન્દ્રિય ભંડોળ રૂ. ૩૩,૨૬૯.૯૭૬ કરોડની મંજૂરી આપી છે.

આ પેટા યોજનામાં કુલ ૧૧ યોજનાઓ/મિશન્સનો સમાવેશ થાય છે. આ યોજનાઓ ઉત્પાદન, ઉપજ વધારવા અને ઉપજ પર સારું વળતર મળવાથી ખેડૂતોની આવકમાં વધારો કરવા માટે કૃષિ અને સંલગ્ન ક્ષેત્રોને એક સર્વગ્રાહી અને વૈજ્ઞાનિક રીતે વિકસાવવામાં મદદરૂપ થશે. આ યોજનાઓ ત્રણ નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮, ૨૦૧૮-૧૯ અને ૨૦૧૯-૨૦ માટે રૂ. ૩૩,૨૬૯.૯૭૬ કરોડના ખર્ચ સાથે ચાલુ રહેશે.

૩. આ પેટા યોજનાઓમાં નીચેની યોજનાઓનો સમાવેશ થાય છે.

૧. સંકલિત બાગાયત વિકાસ મિશન (MIDH) અંતર્ગત રૂ. ૭૫૩૩.૦૪ કરોડની ફાળવણી કરવામાં આવી છે, તેનો હેતુ બાગાયત ક્ષેત્રની સર્વગ્રાહી વૃદ્ધિને પ્રોત્સાહન, બાગાયત ઉત્પાદન વધારવા, પોષણની સુરક્ષામાં સુધારો અને ખેડૂતોની આવકમાં વધારો કરવા મદદરૂપ થવાનો છે.

૨. રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા મિશન (NFSM) સાથે રાષ્ટ્રીય તેલિબિયાં અને પામતેલ મિશન અંતર્ગત કેન્દ્રિય ભંડોળ રૂ. ૬૮૯૩.૩૮ કરોડની ફાળવણી કરવામાં આવી છે. તેનો હેતુ દેશના પસંદગીના જીલ્લાઓમાં જમીનની ફળદ્રુપતા અને પાકની ઉત્પાદકતા વધારીને ચોખા, ઘઉં, કઠોળ, બરછટ અનાજ અને રોકડિયા પાકોના વાવેતર અને ઉત્પાદકતામાં વદ્ધિ કરી ખેતી અર્થતંત્રમાં સુધારો લાવવાનો છે. આ ઉપરાંત બીજો ઉદ્દેશ, વનસ્પતિ તેલની ઉપલબ્ધતા અને ખાદ્યતેલની આયાતમાં ઘટાડો કરવાનો છે.

૩. ટકાઉ ખેતી માટેનું રાષ્ટ્રીય મિશન (NMSA) અંતર્ગત કુલ કેન્દ્રિય ભંડોળ રૂ. ૩૯૮૦.૮૨ કરોડ ફાળવણી કરવામાં આવી છે. ટકાઉ ખેતી માટેનું રાષ્ટ્રીય મિશનનો ઉદ્દેશ ટકાઉ પ્રણાલીઓને પ્રોત્સાહન આપવાનો છે, જેમાં સંકલિત ખેતી, યોગ્ય જમીન આરોગ્ય વ્યવસ્થાપન અને સંરક્ષણ ટેક્નોલોજીના સ્ત્રોતની સહભાગીદારી પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

૪. કૃષિ વિસ્તરણ પેટા મિશન (SMAE) અંતર્ગત કુલ કેન્દ્રિય ભંડોળ રૂ. ૨૯૬૧.૨૬ કરોડની ફાળવણી કરવામાં આવી છે. કૃષિ વિસ્તરણ પેટા મિશનનો ઉદ્દેશ રાજ્ય સરકારો, સ્થાનિક સંસ્થાઓ વગેરેની વિસ્તરણ પદ્ધતિને મજબૂત બનાવવી, ખેડૂતોની ખાદ્ય, પોષણ સુરક્ષા અને સામાજીક-આર્થિક સશક્તિકરણ કરવું, કાર્યક્રમ આયોજન અને અમલીકરણ પદ્ધતિને સંસ્થાગત કરવી, વિવિધ ભાગીદારીઓનું અસરકારક જોડાણ અને સહભાગી બનાવવા માટે ઇલેક્ટ્રોનિક/પ્રિન્ટ માધ્યમોના વ્યાપક અને નવીનત્તમ ઉપયોગને પ્રોત્સાહિત કરવા, આંતર-વ્યક્તિગત સંદેશાવ્યવહાર અને માહિતી અને સંચાર તકનીક સાધનો વગેરે માટે માનવ સંશાધન વિકાસ દરમ્યાનગીરીને ટેકો આપવા માટેનો છે.

૫. બિયારણ અને વાવણી સામગ્રી (SMSP) અંતર્ગત કુલ કેન્દ્રિય ભંડોળ રૂ. ૯૨૦.૬ કરોડની ફાળવણી કરવામાં આવી છે તેનો ઉદ્દેશ પ્રમાણિત/ગુણવત્તાયુક્ત બિયારણનું ઉત્પાદન વધારવું, બિયારણ બદલી દર વધારવો, બિયારણની ગુણવત્તા સુધારવી, બિયારણ ગુણોત્તર સુધારવો, બિયારણ ઉત્પાદનમાં પ્રક્રિયા, પરીક્ષણ વગેરે જેવી ટેક્નોલોજી અને પદ્ધતિઓનો પ્રચાર કરવો, બીજ ઉત્પાન માટે સંગ્રહ, પ્રમાણપત્ર અને ગુણવત્તા વગેરે માટે આંતરમાળખાકીય સુવિધા મજબૂત અને આધુનિક બનાવાનો છે.

૬. કૃષિ યાંત્રિકીકરણ (SMAM) અંર્તગત કુલ કેન્દ્રિય ભંડોળ રૂ. ૩૨૫૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. કૃષિ યાંત્રિકીકરણનો ઉદ્દેશ જ્યાં કૃષિ શકિતની પ્રાપ્યતા ઓાછી હોય તેવા પ્રદેશોમાં નાના અને સીમાંત ખેડૂતો સુધી કૃષિ યાંત્રિકરણની પહોંચ વધારવાનો છે. પ્રતિકૂળ અર્થતંત્રો મજબૂત કરવા માટે ' ગ્રાહક ભરતી કેન્દ્રો'ને પ્રોત્સાહન આપવા માટે, ઉંચી તક્નિકી અને મૂલ્યના ખેત ઓજારો પૂરા પાડવા માટે, નિદર્શન અને ક્ષમતા નિર્માણ પ્રવૃતિઓ દ્વારા સહભાગીદારો વચ્ચે જાગૃતિ લાવવા માટે અને સમગ્ર દેશમાં સ્થિત નિયુક્ત પરીક્ષણ કેન્દ્રો પર પ્રભાવ પરીક્ષણ અને સર્ટિફિકેટની ખાતરી કરવા માટેનો છે.

૭. રૂ. ૧૦૨૨.૬૭ કરોડના કુલ કેન્દ્રિય બજેટની છોડ સંરક્ષણ અને સંસર્ગનિષેધ (SMPPQ) પેટા મિશન અંતર્ગત ફાળવણી કરવામાં આવી છે. તેનો ઉદ્દેશ કીટકો, રોગો નીંદણ, પરોપજીવીઓ, ઉંદરો વગેરેથી ખેત પેદાશોની ગુણવત્તામાં થતાં નુકશાનને ઘટાડવાનો છે. અજાણ્યા પ્રજાતિઓના આક્રમણ અને ફેલાવથી કૃષિ જૈવિક સુરક્ષા કરવા માટે, વૈશ્વિક બજારોમાં ભારતની ખેત પેદાશ નિકાસને સરળ બનાવવી અને ખાસ કરીને પાક સંરક્ષણ વ્યૂહ:રચનાઓના સંદર્ભમાં સારી ખેત પ્રણાલીઓને પ્રોત્સાહન આપવાનો છે.

૮. કૃષિ ગણના, અર્થશાસ્ત્ર અને આંકડા પરની સંકલિત યોજના (ISACES)-કુલ કેન્દ્રિય બજેટના રૂ. ૭૩૦.૫૮ કરોડ ફાળવણી કરવામાં આવેલ છે. તેનો ઉદ્દેશ કૃષિ ગણના કરવી, મુખ્ય પાકોના ખેતી ખર્ચનો અભ્યાસ, દેશની કૃષિ-આર્થિક સમસ્યાઓ પર સંશોધન અભ્યાસો પર હાથ ધરવા, ખ્યતાનામ અર્થશાસ્ત્રીઓ, કૃષિ વૈજ્ઞાનિકો, નિષ્ણાંતો અને સંલગ્ન પરિષદો/કાર્યશાળાઓ અને સેમિનારોને ફંડ આપવું, ટૂંકી મુદતના અભ્યાસ હાથ ધરવા માટે શોધ પેપર લખવા, કૃષિ આંકડાકીય પદ્ધતિ સુધારવા અને પાકની સ્થિતિ પર પાકી શ્રેણીબદ્ધ માહિતીની પદ્ધતિ બનાવવી, વાવણીથી લણણી સુધીના પાકના ઉત્પાદનની પદ્ધતિને સંગીન બનાવવાની છે.

૯. કૃષિ સહકાર પર સંકલિત યોજના (ISAC) અંર્તગત રૂ. ૧૯૦૨.૬૩૬ કરોડ કેન્દ્રિય બજેટની ફાળવણી કરવામાં આવી છે. તેનો ઉદ્દેશ સહકારી મંડળીઓની આર્થિક સ્થિતિ સુધારવી, પ્રાદેશિક અસમતુલાને દૂર કરવી અને સહકારી ખેત બજારવ્યવસ્થા, પ્રક્રિયા, સંગ્રહ વ્યવસ્થા, કોમ્પ્યુટરાઇઝેશન, નબળાં વિભાગના કાર્યક્રમોમાં સહકારનો વિકાસ કરવો, કપાસના ખેડૂતોને તેમના ઉત્પાદનના મૂલ્યવર્ધન દ્વારા લાભદાયી ભાવો મેળવવામાં મદદ કરવી, કાપડ મિલોને ગુણવત્તાવાળા કપાસના રેશાઓનો પુરવઠો યોગ્ય દરે પૂરો પાડવાનો છે.

૧૦.કૃષિ બજાર સંકલિત યોજના (ISAM) અંર્તગત રૂ. ૩૮૬૩.૯૩ કરોડ કેન્દ્રિય બજેટની ફાળવણી કરવામાં આવી છે. તેનો ઉદ્દેશ તે કૃષિ બજાર આંતરમાળખાકીય સુવિધાને વિકસીત કરવાનો છે; કૃષિ બજાર માળખામાં નવીન અને અદ્યતન તકનિકી અને સ્પર્ધાત્મક વિકલ્પોને પ્રોત્સાહન આપવુ; ગ્રેડીંગ, માનકીકરણ અને કૃષિપેદાશોની ગુણવત્તાના પ્રમાણપત્ર માટે માળખાકીય સુવિધાઓ પૂરી પાડવી; રાષ્ટ્રવ્યાપી બજાર માહિતી નેટવર્ક સ્થાપિત કરવું; કૃષિ ચીજવસ્તુઓ વગેરેમાં ભારત દેશના વેપારને સફળ બનાવવા માટે સામાન્ય ઓનલાઇન બજાર પ્લેટફોર્મ મારફતે બજારોને સંકલિત કરવાનો છે.

૧૧.રાષ્ટ્રીય ઇ-ગવર્નન્સ યોજના (NeGP-A)-તેમાં કુલ રૂ. ૨૧૧.૦૬ કરોડના કેન્દ્રિય બજેટની ફાળવણી કરવામાં આવી છે. તેનો ઉદ્દેશ વિવિધ યોજના/કાર્યક્રમોમાં ખેડૂતને કેન્દ્ર સ્થાને રાખવા અને સેવાનો અભિગમ લાવવાનો છે. વિસ્તરણ સેવાઓનો વ્યાપ અને પ્રભાવ વધારવો, પાક-ચક્રની માહિતી અને સેવાઓ ખેડૂતો સુધી પહોંચતી કરવાની સુવિધા કરવા, કેન્દ્ર અને રાજ્યોની પ્રવર્તમાન માહિતી અને સંચાર તકનિકી પહેલ વધારવી અને સંકલિત કરવી અને કૃષિ ઉત્પાદકતા વધારવા માટે ખેડૂતોને સબંધિત અને સચોટ માહિતી ઉપલબ્ધ કરાવીને કાર્યક્રમોની કાર્યક્ષમતા અને અસરકારકતા વધારવાનો છે.

૧૨.આ યોજનાઓ/મિશનો ઉત્પાદન માળખાનું નિર્માણ/સશક્તિકરણ, કૃષિ અને ગૌણ પેદાશોનું ઉત્પાદન અને બજાર ખર્ચને ઘટાડવા પર દ્યાન કેન્દ્રીત કરે છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં જુદા જુદા સમયગાળા માટે આ યોજનાઓ/મિશનો અમલીકરણ હેઠળ છે.

Book Post

To,

DOI : June 27, 2018

From:
**Agro-Economic Research Centre**
*For the states of Gujarat and Rajasthan*
(Ministry of Agriculture & Farmers Welfare, Govt. of India)
H.M. Patel Institute of Rural Development,
Opp. Nanadalaya Temple, Post Box No. 24,
**Sardar Patel University**
Vallabh Vidyanagar 388120, Anand, Gujarat
Ph.No. +91-2692-230106, 230799, Fax- +91-2692-233106
E-mail : director.aerc@gmail.com
Website: www.aercspu.ac.in

*Acknowledged the information used/taken from the public domain*

Uni. Press